શ્રી દેશી નાટક સમાજ.

॥ ॐ तत्सत् परमात्मने नमः ॥

શ્રી

સત્તાનો મદ

નાટકનાં ગાયનો તથા ટુંકસાર

છપાવી પ્રસિદ્ધ કરનાર,

હરગોવિંદદાસ જેઠાભાઈ શાહ.

માલેક--શ્રી દેશી નાટક સમાજ.

વિક્ટોરીઆ થીએટર ગ્રાન્ટરોડ પીલહાઉસ

સંવત ૧૯૮૭ મુંબઇ. સને ૧૯૩૧

આવૃત્તિ ૧ લી) (પ્રત ૨૦૦૦

કિંમત ચાર આના.

આ ચોપડી શ્રી જૈન એડવોકેટ પ્રીન્ટિંગ પ્રેસમાં **વાડીલાલ
બાપુલાલ શાહે** શ્રી દેશી નાટક સમાજને માટે છાપી
ઠ૦ ઘીકાંટા જેશીંગભાઇની વાડી—**અમદાવાદ.**

॥ ઓમ તતસત પરમાત્મને નમઃ ॥

સત્તાનો મદ.

નાટકનાં ગાયનો તથા ટુંક સાર.

સ્વર્ગસ્થ સાક્ષર ડાહ્યાભાઇ ધોળશાજી ઝવેરી સંસ્થાપિત.

શ્રી દેશી નાટક સમાજ માટે

રચાવી છપાવી પ્રસિદ્ધ કરનાર

હરગોવિંદદાસ જેઠાભાઇ શાહ.

માલેકઃ—શ્રી દેશી નાટક સમાજ.

ઠે વિકટોરીઆ થીએટર પીલહાઉસ ગ્રાન્ટરોડ-મુંબઇ.

સંવત ૧૯૮૭ (પ્રત ૨૦૦૦) સને ૧૯૩૧

કીંમત ચાર આના.

'બે બોલ'

શ્રી દેશી નાટક સમાજમાં જોડાયા પછી જેમ બને તેમ જલ્દીથી નવું **નાટક** બહાર પાડવાની જરૂર જણાઈ **ભાઇ વૈરાટી** પાસે નાટક તઈયાર હતું પણ તે મારી રૂચી અને પદ્ધતિને અનુકુળ થશે કે કેમ એ શંકાથી અનુકુળ થયો તેટલોજ ભાગ રહેવા દઈ બાકીનું બધુંજ ભાઈ પ્રભુલાલ પાસે લખાવીને માન્યવર પ્રેક્ષકો સમક્ષ રજુ કરૂ છુ અને આશા રાખું છું કે, ઘણાજ ટુંકા સમયમાં આ નાટક તઈયાર કરેલું હોવાથી જે કાંઈ ખામી અને દોષ દ્રષ્ટિગોચર થાય તેને માટે સુજ્ઞ પ્રેક્ષકો ઉદાર વૃત્તિથી મને ક્ષમા આપશે

પ્રસ્તુત નાટક એ મહાપ્રતાપી **મૌર્યવંશના છેલ્લા મહારાજા બ્રહદ્રથના** અધ:પતન અને **મૌર્યવંશના** અસ્ત ઉપરથી ઉપજાવી કાઢેલી અને ઐતિહાસીક પ્રસંગો આલેખતી નાટ્યકૃતિ છે

આ નાટક ઘણાજ ટુંક સમયમાં તઈયાર થશે એવી મને આશા ન્હોતી પણ **પ્રભુલાલભાઈએ** સતત પરિશ્રમ કરીને માત્ર ગણ્યા ગાંઠયા દિવસોમાં આખું નાટક તઇયાર કરી આપ્યું છે માટે તેમનો તથા નાટક તઈયાર કરવામાં **ભાઇ પ્રાણસુખ હરીચંદ નાયકે** જે મને મદદ આપી છે તે માટે તેમનો પણ આભારી છું ઉપરાંત નાટક શોભાવવામાં શેઠ **શ્રી હરગોવિંદદાસભાઇએ** જે ખર્ચ કર્યો છે, તે માટે તેમનો પણ આભારી છું આશા છે કે મારા સુજ્ઞ પ્રેક્ષકો આ નવીન નાટ્ય પ્રયોગને ન્યાય આપશે અને ભવિષ્યમાં વધારે સારા નાટકો જન સમાજને ચરણે અર્પણ કરવાની અભિલાષા પરિપૂર્ણ કરશે એવી જગન્નીયંતા પરમેશ્વરને પ્રાર્થના કરતો અત્ર વિરમું છું.

તા. ૬-૯-૧૯૨૮
ભાંગવાડી પ્રીન્સેસ થીએટર—મુંબઇ

સેવક,
મુલચંદ વલ્લભ નાયક.

શ્રી ૧૧.

"સત્તાનો મદ"

નાટકના પાત્રોનો પરિચય.

પુરૂષ વર્ગ.

ભગવાન પતંજલિ—યોગ શાસ્ત્રના રચનાર મહર્ષિ

પુષ્યમિત્ર—મગધ સામ્રાજ્યના મહા સેનાપતિ પછીથી "શૃંગવંશ" સ્થાપના કરનાર મહારાજા.

અગ્નીમિત્ર—પુષ્યમિત્રનો કુમાર મહાકવિ કાલીદાસના "માલવિકાગ્નિમિત્ર" નાટકનો નાયક

શતધન્વા—મગધ દેશનો મહારાજા.

બ્રહદ્રથ—શતધન્વાનો પુત્ર મૌર્યવંશનો છેલ્લો રાજ્ય કર્તા

મહામંત્રી—મગધ સામ્રાજ્યનો મુખ્ય પ્રધાન

વજ્રનાદ—એક સેના નાયક.

સિન્ધુરાજ—કોશલદેશનો રાજા.

મીનેન્ડર (મલીન્દ)—ભારત વર્ષના કેટલાક પ્રાંતોપર પોતાની સત્તા જમાવી બેઠેલો ગ્રીક સમ્રાટ

મન્મથ—મહામંત્રીનો જમાઇ.


અનંગદેવ—બ્રહદ્રથનો ખુશામતખોર સલાહકાર.

ઓંકાર—મહર્ષિના આશ્રમમાં યોગીઓની સેવા કરનારો બ્રાહ્મણ

વૈકુંઠ—ઓંકારનો પુત્ર.

સુખાનંદ—આશ્રમ નિવાસી સાધુ અને ઓંકારનો મિત્ર.

ઉપરાંત, સૈનિકો, નાગરીકો, સાધુઓ, દરબારીઓ વીગેરે.



સ્ત્રી વર્ગ.

સુનીતિ—બ્રહદ્રથની રાણી.

પ્રતિભા—પુષ્યમિત્રની પત્નિ.

ઇરાવતી—અગ્નિમીત્રની પ્રણયિની.

ઉર્મી—મહામંત્રીની કન્યા.

ત્રીવેણી—વૈકુંઠની સ્ત્રી.

ગોમતી }
સરયુ } ઓંકારની પત્નીઓ.

ઉપરાંત દાસીઓ, સખીઓ, નાગરીકાઓ, વારાંગનાઓ ઇત્યાદિ

સ્થળ—પાટલીપુત્ર.



શ્રી ૧૧.

સત્તાનો મદ.

નાટકનો ટુંકસાર.

મંગળાચરણ અને વસ્તુ સુચન.

પ્રવેશ પહેલો—મહા પ્રતાપી ચંદ્રગુપ્ત અને મહાન અશોકના નામથી પ્રખ્યાત થયેલો મૌર્યવંશનો વૃદ્ધ રાજા શતધન્વા, અત્યાચારી રાજકુમાર બ્રહદ્રથના ત્રાસથી કંટાળીને નિવૃત્તિ નિવાસ ભોગવવા ધારે છે પણ રાજ્યનો ભાર અને રાજકુમારની સંભાળ કોને સોંપવી તે સમજાતું નથી, મહા સેનાપતિ પુષ્યમિત્ર તે ભાર ગ્રહણ કરે છે, એટલે વૃદ્ધ રાજા નિશ્ચિંત થઇને મહર્ષિ પતંજલીના યોગાશ્રમમાં જવા ધારે છે. પુષ્યમિત્ર અને રાજકર્મચારીઓના વિદાય થયા પછી વૃદ્ધ રાજા એકલો પડયો ત્યાં કોશલ નરેશ જે અનેકવાર તેનાથી હાર્યો છે અને પોતાનું પરાજયનું વેર વાળવા માટે જે અગાઉથી ત્યાં છુપાઇ રહ્યો છે તે વૃદ્ધરાજાની સ્હામે થાય છે અને એ નાની સરખી લડાઇમાં કોશલ નરેશને હાથે શતધન્વા મૃત્યુ પામે છે.

પ્રવેશ બીજો—વૈકુંઠ અને ત્રીવેણીની જુગલ જોડી પ્રેમની મસ્તીમાં ચકચુર છે. ત્યાં વૈકુંઠની મા ગોમતી વૈકુંઠનો પીતા ઓંકાર ઘણા વર્ષથી ઘર છોડીને ચાલી ગયો છે તેને ખોળી લાવવાનું મ્હેણું મારે છે તેથી પતીપત્ની ઓંકારને ખોળવા જાય છે.

પ્રવેશ ત્રીજો—મનમાં ઉત્પન્ન થતી ગમે તેવી ધારણા પાર પાડતાં શીખેલા અવિચારી અને અત્યાચારી બ્રહદ્રથ તેને આજે એ તરંગ ઉત્પન્ન થયો કે માણસનું મૃત્યું કેમ થતું હશે તે નજરે જોવા માટે પોતાના એક ગુલામને ઝેર પાઇને મારી નાંખ્યો અને મ્હોડાપર મૃત્યુના ભાવ જોઇને રાજી થયો આ અત્યાચાર સહન ન થતાં મહારાણી સુનીતિ તેને અટકાવવા સ્હામે આવી તેનું પણ ન માન્યું અને છેવટે સમર્થ શુરવીર મહા સેનાપતી પુષ્યમિત્ર આવી ચડયો બ્રહદ્રથના ગુસ્સાની એણે લેશ પણ પરવા ન કરી અને જોરાવરીથી બ્રહદ્રથને પોતાના હુકમને તાબે થવાની ફરજ પાડી.

પ્રવેશ ચોથો—મહામંત્રીની કન્યા અને ઉમી મન્મથને પ્રેમ ચેષ્ટાઓ રાજમહેલના ઝરૂખામાંથી ઉર્મીના સૌંદર્યને નીરખી રહેલો બ્રહદ્રથ ત્યાં આવે છે, ત્યાં તો ઉર્મી અને મન્મથ ચાલી જાય છે, અવિચારી બ્રહદ્રથ આજે જરા વિચારમાં પડે છે. તેને સમજાતું નથી કે પુષ્પમિત્ર એક તરફથી તેને દબાવે છે અને બીજી તરફથી ઠાઠથી રાજ્યાભિષેક કરે છે તેનો અર્થ શું? ત્યાં છુપી રીતે કોશલ નરેશ ત્યાં આવી ચડે છે અને પુષ્પમિત્રની વિરૂદ્ધમાં બ્રહદ્રથને ખુબ ભંભેરે છે. બ્રહદ્રથ તેના પિતાને હણનાર કોશલરાજનું બધુંજ કહેવું

સાચું માને છે અને પુષ્પમીત્રની સ્હામે પ્રપંચની બાજી ખેલવા તૈયાર થાય છે. ત્યાં પુષ્પમીત્રનું આવવુ મગધ જીતવા આવેલા ગ્રીક સમ્રાટ મીનેન્ડરનું લડાઈ માટે આમંત્રણ અને પુષ્પમિત્રનું યુદ્ધ માટે પ્રયાણ પાછળથી નીરંકુશ બનેલા બ્રહદ્રથના અત્યાચારોની શરૂઆત.

પ્રવેશ પાંચમો—વિશ્વવિખ્યાત મહારથી કાલીદાસના માલવીકા અગ્નીમીત્ર નાટકનો નાયક અગ્નીમીત્ર તે પુષ્પમીત્રનો કુમાર, ભગવાન પતંજલીના આશ્રમમાં અભ્યાસ કરે છે ત્યાંથી થોડા દિવસને માટે ઘેર આવ્યો છે તે આજે પાછો આશ્રમમાં જવા તઈયાર થયો છે. નાગરીકાઓ તેને માતુશ્રી તરફથી ઈરાવતી નામનું એક રમણીરત્ન ભેટ કરે છે ત્યાં અગ્નીને બોલાવવા માટે ઓંકાર નામના શિષ્યનું આગમન, અને પ્રેમની ખેંચાતાણી વચ્ચે અગ્ની અને ઓંકારનું જવું. ત્યાર બાદ પુષ્પમીત્રના ઘરને વેરાન બનાવવા અને પુષ્પમીત્રની સ્ત્રી પ્રતિભા તેમજ ઇરાવતીને દાસીઓ બનાવવા માટે જુલ્મી બ્રહદ્રથનું ત્યાં આગમન વીરાંગના પ્રતિભાની રણગર્જના રણચંડીકાનો ક્રોધ અને બ્રહદ્રથની આંખોમાં ધુળ નાંખીને છુપે માર્ગેથી આબાદ છટકી જવું.

પ્રવેશ છઠ્ઠો—અગ્નીમીત્રથી વિખુટો પડેલો ઓંકાર, પાટલી પુત્રમાં ભુલો પડ્યો છે, વર ખોળવા નીકળેલી સરયુ નામની કુમારીકા કાકતાલીય ન્યાયે તેને મળી જાય છે. ત્યાં તેને ખોળવા નીકળેલો તેનો દીકરો વૈકુંઠ અને ત્રીવેણી બીજી તરફથી આશ્રમમાંથી ખોળવા આવેલો સુખાનંદ અને રાજકર્મચારી અનંગદેવ આમ ચોતરફથી

 ૧૫૬૨૫

વીંટાયલો ઓંકાર પાછો સંસારી થઇને સરયુના સ્નેહનો ભીખારી બને છે.

પ્રવેશ સાતમો—ભગવાન પતંજલીના આશ્રમમાં આશ્રય માગવા માટે પ્રતિભા અને ઇરાવતી આવે છે પ્રતિભાની હાલત જોઇ અગ્નીમીત્ર ઉશ્કેરાય છે અને બ્રહદ્રથની સ્હામે થવા તઇયાર થાય છે મહર્ષી તેને યુક્તિપુર્વક સમજાવીને કોશેલ નરેશ સિન્ધુ સ્હામે લડવા તઇયારી કરે છે ત્યાં આશ્રમને નિર્મળ કરવા માટે કોશેલ નરેશ સિન્ધુનું આગમન, અગ્નીમીત્રને હાથે તેનું મૃત્યુ ત્યારબાદ બીજી તરફથી બ્રહદ્રથનું આગમન અને યોગબળ આગળ રાજસત્તાનો પરાજય.

— ૨ેખલો —

પ્રથમ
અંક સમાપ્ત.

અંક બીજો.

પ્રવેશ પહેલો—ગ્રીક સરદાર મીનેન્ડરની છાવણીમાં બ્રહદ્રથ તરફથી સંધીપત્ર લઇને ખુશામતીયો અનંગદેવ આવ્યો છે. તે મીનેન્ડરને એવી સલાહ આપે છે કે જ્યાં સુધી મહાયોગી પતંજલીનો વિનાશ ન થાય ત્યાં સુધી પુષ્યમીત્ર જીતશે નહીં એવું સાંભળીને મીનેન્ડર મહાયોગીને પકડી લાવવાનો હુકમ કર છે ત્યાં અચાનક યોગીશ્રી પ્રગટ થાય છે અને લડાઇને અટકાવવા મીનેન્ડરને સમજાવે છે. મીનેન્ડર તેમને કેદ કરવા તૈયાર થાય છે. ત્યાં અચાનક પુષ્યમીત્રનું આગમન પુષ્યમીત્ર આચાનક ધસી આવ્યો અને મીનેન્ડરનું સૈન્ય હજી દુર છે એટલે એ લડી શકે એવી સ્થીતીમાં નથી. અને મહર્ષીની સુચના મુજબ પુષ્યમીત્રને પાછા પાટલીપુત્ર જવું છે એટલે એ પણ લડાઈ લંબાવવા ઇચ્છે છે આવી સ્થીતમાં છેલ્લા મહાયુદ્ધ નો દીવસ નક્કી કરીને બન્ને વિખુટા પડે છે.

પ્રવેશ બીજો—મહર્ષીના આશ્રમમાંથી નાસીપાસ થઇને આવ્યા પછી બ્રહદ્રથ મહર્ષીના એક હજાર અનુયાયીઓને પાટલીપુત્રમાં ભર બજારે હાથીના પગ તળે છુંદીને મારી નાંખ્યા આ સમાચાર સાંભળવામાં આવતા રાણી સુનીતિ કલ્પાંત કરી રહી છે ત્યાં બ્રહદ્રથનું આગમન રાણીને મળવા આવેલી ઉર્મીને બ્રહદ્રથે જોઈ શીખામણ આપવાના ગુન્હા માટે રાણીને કેદ કરી અને રૂપલાલસા તૃપ્ત

કરવા માટે ઉપરથી જુદો આડંબર કરી મહામંત્રીને બોલાવ્યો, અને પોતે તેને ત્યાં મ્હેમાન થશે એવો હુકમ આપ્યો. પોતાની બધીજ ધારણાઓ પાર પડતી જોઇને બ્રહદ્રથ આજે ફુલાઈ રહ્યો છે. ત્યાં ભગવાન પતંજલીનું આગમન. એક હજાર મનુષ્યોનો સંહાર થયો, એવું સાંભળ્યા પછી જનસંહાર અટકાવવા માટે મહાયોગી પોતેજ પોતાની ઇચ્છાથી કેદ થઇને બ્રહદ્રથ આગળ આવ્યા છે. પણ જુલ્મી તેની શીખામણ માનવાને બદલે યોગબળની મશ્કરી કરે છે, ભગવાન પતંજલી તેને આશ્ચર્યચકીત કરતા બેડીયોના બંધનમાંથી મુક્ત થઇ શીખામણના બે શબ્દો કહીને અદ્રશ્ય થાય છે.

પ્રવેશ ત્રીજો—વાનપ્રસ્થથી મટીને સંસારી થયેલા ઓંકાર નાથનો ઘર સંસાર ઓંકારનો સહાધ્યાયી સુખાનંદ તથા સંસારના બંધનમાંથી છોડાવવા આવ્યા છે પણ ઓંકારની સંસારવાસના દીવસે દીવસે વધતી જાય છે અને એવી ઉપાધીઓમાંજ મજા માની રહ્યો છે.

પ્રવેશ ચોથો—મોહાંધ બ્રહદ્રથ આજે પોતાના ત્યાં મહેમાન થવાનો છે અને તે ઉર્મીના અનુપમ સૌંદર્યનો કાળ છે એવું જાણી ગએલો મહામંત્રી બીજો કોઈ ઉપાય ન હોવાથી પોતાને હાથેજ પોતાની કન્યાને ઝેર પાય છે. વિકટ સંજોગોમાં સપડાએલો આશાભર્યો યુવાન મન્મથ પણ આત્મ ત્યાગ કરીને પ્રેમાળ પ્રિયતમાની સાથેજ સ્વર્ગ પંથે સંચરે છે, ત્યાં અત્યાચારની મુર્તી સમાન બ્રહદ્રથનું

આગમન અને પોતાની ધારણા નિષ્ફળ જવાથી મહામંત્રીપર ક્રોધ અને મંત્રીના સંહારનો હુકમ ત્યાં પુષ્યમીત્રનું આગમન અને બ્રહદ્રથ કેદ.

પ્રવેશ પાંચમો—ઘરમાં વસ્તીનો વધારો અને કમાણીમાં શુન્ય હોવાથી ઓંકારનાથ ભુંડેહાલ થઈ ગયો છે. છતાં સંસારની ઉપાધીમાંથી છુટવાની ઇચ્છા રાખતો નથી.

પ્રવેશ છઠો—યુદ્ધમાં જતાં અગ્નીમીત્ર અને ઇરાવતી પ્રેમચેષ્ટા ત્યારબાદ મહામંત્રી અને પ્રતિભાની સલાહથી બ્રહદ્રથનો સંહાર કરવા તઇયાર થયેલો પુષ્યમીત્ર ત્યાં કારાગારમાંથી મુક્ત થએલી રાણી સુનીતિ અને મહર્ષી પતંજલીનું આગમન મહર્ષીની સલાહથી રાણી સુનીતિને ખાતર પુષ્યમિત્ર બ્રહદ્રથને ક્ષમા આપે છે અને રાજસત્તા મહામંત્રીને સોંપી પોતે લડાઇના મેદાનમાં જાય છે.

પ્રવેશ સાતમો—લડાઇનું મેદાન નક્કી કરેલો દિવસ આવી પહોંચ્યો છતાં પુષ્યમીત્ર દેખાતો નથી એથી ફુલાતો મીનેન્ડર ત્યાં અગ્નીમીત્રનું આગમાન અને લડાઇની શરૂઆત ત્યાં પુષ્યમીત્રના સમાચાર ઘોર સંગ્રામ અને પુષ્યમીત્રને હાથે મીનેન્ડરનો સંપૂર્ણ પરાજય.

(ટેબ્લો)

બીજો અંક સમાપ્ત.

અંક ત્રીજો.

પ્રવેશ પહેલો—રાજસત્તા મહામંત્રીને સોંપી પુષ્યમિત્ર લડાઇમાં ગયો તેની ગેરહાજરીનો લાભ લઈ બ્રહદ્રથે માથું ઉપાડયું પોતાના મળતીયાઓનું એક સૈન્ય જમાવી મહામંત્રીને કેદ કર્યો અને રાજસત્તા પોતાના હાથમાં લીધી એટલે પાછો સ્વેચ્છાચારને રસ્તે વળ્યો તેના મનમાં આજે એ તરંગ ઉત્પન્ન થયો કે માતાના ઉદરમાં ગર્ભની હાલત કેવી હોય છે તે નજરે જોવી એટલા માટે એક સગર્ભા સ્ત્રીને પકડી મંગાવી પણ તે સ્ત્રી સદભાગ્યે તેના સૈનિકો આગળથી છટકી મહારાણીને શરણે આવી એ ખબર મળતાં બ્રહદ્રથનું સુનીતિ આગળ આવવું બન્નેની છેલ્લી તકરાર જુલ્મીનો ક્રોધ અને સતીની સહનશીલતા અને છેવટે મદમાં અંધ બનેલા બ્રહદ્રથને હાથે રાણીનું ખુન ત્યાં વિજય કરીને પાછા ફરેલા પુષ્યમીત્રને જોતાંજ બ્રહદ્રથનું પલાયન.

પ્રવેશ બીજો—નવા રાજતંત્રની શરૂઆત અને બ્રહદ્રથના મળતીયાઓને માફી ત્યારબાદ અગ્નિ અને ઇરાની પ્રણયલીલા.

પ્રવેશ ત્રીજો—નાસીપાસ થયેલો ચારેતરફથી ઘેરાયલો, છતાં પુષ્યમીત્રના કટ્ટા શતરૂ "કાલીંગરાજ ખારવેલ" ને મળીને પોતાનો બચાવ કરવા ઇચ્છતો બ્રહદ્રથ, મનમાં અનેક મનસુબાઓ ઘડી રહ્યો

છે ત્યાં પોતે કરેલા ઘોર પાપકર્મોનો આભાસ, વિહ્વળતા અને ઉન્માદ! ભગવાન પતંજલીનું આગમન અને આશ્વાસન અહં-મમતાથી ઘેરાવલો જીવ અને માયાના બંધનોનો ચિતાર ત્યાં બ્રહદ્રથને ખોળતો પુષ્યમિત્ર ત્યાં આવી ચડે છે ભગવાન પતંજલીના ઉપદેશથી પશ્ચાત્તાપ કરતા બ્રહદ્રથને હજી પણ એ ઉદાર આત્મા ક્ષમા આપવા તૈયાર થાય છે. પણ આત્માભિમાની બ્રહદ્રથ તેની ઉદારતાનો અસ્વીકાર કરી સત્તાના મદમાં અંધ બનેલું પોતાનું હૃદય પોતાને હાથે કાઢીને પુષ્યમિત્રને સોંપે છે આ રીતે મૌર્ય વંશના છેલ્લા મદાંધ રાજાનો અંત.

પ્રવેશ ચોથો—સંસાર સીંધુમાં ડુબતા ઓંકારને હવે કોઇ રીતે બચાવવો આવો નિશ્ચય કરીને આવેલો સુખાનંદ યુક્તિપૂર્વક ઓંકારને સંસાર છોડાવી વૈરાગ્ય ઉપજાવે છે.

પ્રવેશ પાંચમો—રાજસત્તાનો અસ્વીકાર કરતાં પુષ્યમિત્રને ભગવાન પતંજલીના આદેશ અને શૃંગીવંશની સ્થાપના રાજ્યા-ભિષેક અને અગ્નીમત્ર અને ઇરાવતીના હસ્ત મેળાપનાં આનંદમય પ્રસંગ સાથે નાટય પ્રયોગની સમાપ્તિ.

ઇતિ શુભમ.

આનંદ !	**આનંદ ! !**	**આનંદ ! ! !**
શાન્તિ !	**શાન્તિ ! !**	**શાન્તિ ! ! !**

॥ ॐ तत्सत् परमात्मन नमः ॥

"સત્તાનો મદ" નાટકનાં ગાયનો.

અંક પહેલો.

મંગળાચરણ.

શ્રી ગૌરીનંદન ગજઆનન
ગણનાયક વિભુ મંગલકારી
આદ્ય સ્મરણના છો અધિકારી
શંકર સુત સહુ સંકટ હારી
શાન્તિદાતા ત્રાતા સ્મરણે
ચરણે પ્રણમું આનંદકારી.......શ્રી૦

નવનિધિ નિધાન પુરણકામ પુનિત નામ વરદા
રિદ્ધિ ને સિદ્ધિના સ્વામીને વંદન
વિઘ્ન વિદારણ આનંદ કારણ
એજ યાચું શુભકૃતિ શુભમતિ ઉર ભરજો
કૃપા નિધિ કૃપા હજો ન્યારી.......શ્રી૦

બાળાઓ— ૨

સત્તાની અજબ ખુમારી, ભલભલાને ભુલવનારી
વિષમ અતિ છે "સત્તાનો મદ" જીરવવો બહુ ભારી—

ડહાપણને જ્ઞાન તજાવે
અભિમાને અંધ બનાવે

નિતિને ન્યાય થકી એ ન્યારી
જુલ્મોની જનની થઇ રહેનારી—અજબ ખુમારી૦

બીજાને તુચ્છ ગણાવે, પોતાને શ્રેષ્ઠ મનાવે
અત્યાચારોનું મુળ થનારી

તો પણ ઇચ્છે છે સહુ નરનારી—અજબ ખુમારી૦

ત્રીવેણી— ૩

અંગ અંગે મધુરી છે ફુલડાંની વાસ
મારો મધુકર લટ્ટુ બનીને ગુંજે ચોપાસ

ઝુકી ઝુકીને લૂટે સુવાસ
પ્રીતમજી ઝુકીને લૂટે સુવાસ પ્રેમ પ્યાસ

હૃદય મધુર અધર મધુર જીવનની મીઠાસ
પ્રેમ પાશમાં બંધાઇ ઉલ્લાસે................

ત્રીવેણી અને વૈકુંઠ— ૪

રહીશું નહીં અમે શ્યામ—એકલડાં રહીશું
થઈએ હઠીલાં ન આમ—રસીકડી થઈએ

રાખી વિરહમાં બાળે વેશ જો
મુકી એકલડાં જાશે વિદેશ તો
અન્ન જળ કરશું હરામ........એકલડાં૦
શાદે વેશે સાથે રહીશું જોખમ સાથે કાંઈ ન લેશું
જોખમ તું પોતે તમામ...........એકલડાં

વારાંગનાઓ— ૫

તસવ્વરસેં કહાંતક મયેં દીલે મુસ્તરકો સમજાઉં
કીસી સુરતસે અબ સુરત દીખાજાઓ તો અચ્છા હય
પ્યારી જોબનાપે મત ઈતરાયા કરો—

દીલ્લીગીમેં મયને ઉન્કા એક બોસા લેલીયા
ઉસ સીતમગરને મુઝે આંખે દીખાકર યે કહા
મેરે મુંહસે ન મુંહકો લગાયા કરો—

જ્યાં જ્યાં અમારૂં રાજ્ય ત્યાં ત્યાં પ્રેમના સંગ્રામ હો
પ્રત્યેક ઘર શ્રૃંગાર તેમજ રસીકતાનાં ધામ હો
પ્રત્યેક દંપત્તિ વિજય રસરાજના ગાયા કરે
દિનરાત જ્યાં આનંદના આલાપ સંભળાયાં કરે.

લેલો બોશા અપના વાપસ કીસ લીયે તકરાર કી
કયા કોઇ જાગીર હમને છીનલી સરકારકી
ઇતની આંખો ન હમકો દીખાયા કરો....

ઉર્મી અને મન્મથ— ૬

મીઠા બોલા મને ના બોલાવશો
વણ બોલાવ્યા પાસે ન આવશો
વાંક કીધો શું એ સમજાવશો—

મને ચંપાકળી તમે કેમ કહી
ઉપમા કહો શી એમાં ઓછી રહી
એને ભોગી મધુકર સ્પર્શે નહી
પણ આપનો ભોગી સમીપ અહીં
કામણગારા નયનો ન નચાવશો....

બ્રહદ્રથ— ૭

મસ્ત જનો જોતા નથી લાભ અગર નુકશાન
અમે મસ્ત એવા સદા મસ્તીમાં મસ્તાન
જો કદી મસ્તી યુવાનીમાં નથી તો કોઇ નથી
જો અપાર તરંગ પાણીમાં નથી તો કોઇ નથી
નાવ ડુબે કે તરે પણ સાગરો ઉછળ્યા કરે.

એજ મસ્તી જીંદગાનીમાં નથી તો કાંઈ નથી
દોલત બધી દુન્યા તણી હોયે જમાવી છતાં
સ્નેહની દોલત કમાણીમાં નથી તો કંઈ નથી

ઇરાવતી અને સખીઓ— ૮

સજની સહર્ષ આવો રસરાજને વધાવો
સુકુમાર કાન્તિવાળા મંદીર પુષ્પ માળા
કંઠે ધરી સોહાવો—
ઉરમાં ઉલ્લાસ ભરી સ્નેહમાં સુહાસ્ય ભરી
નયનના વિરામ શ્યામ નેહથી રીઝાવો—
જ્યાં નીરખી નયનો હસે છે સ્નેહ નિદાન
ત્યાં ઓછા ઉપહારને ઓછાં આદરમાન
પાખંડી પરાગ ભરી અંતર અનુરાગ ભરી
પ્રેમીના પિપાસુ આજ ભાવથી ભીંજાવો—

ઇરાવતી સખીઓ
અગ્ની અને ઓંકાર } ૯

ઉરહાર નહીં ઉપહાર કહો
ઉરહાર નહીં એ ભાર કહો
એ ભાર વિષે સંસાર કહો
સંસાર વિષે એ સાર કહો

એ ભાર છતાં ફુલથી હલકા લાગે મધુરા મધુરા
અધુરા એ ભેદ નહીં સમજે
નહીં સમજ્યા એ ઉપકાર કહો—
ફુલ પાંખડીએ અમને જીત્યાં શરમે ઢળતાં ઢળતાં
અરપીએ જીત અમે તમને
તો જીત છતાંએ હાર કહો
હાર્યાનો બેડો પાર કહો—

સરયુ-ઓંકાર-સુખાનંદ ૧૦

અમે જોગીના જોગ તેં તજાવ્યા આજે
ભોગ જોગે તેં ભોગમાં ડુબાવ્યા આજે
હુવે સ્નેહની સમાધિ નિત્ય સાધજો
પ્રેમ દેવતાને પ્રીતમ આરાધજો
નેણુ હૈયે વાગ્યાં સ્વપ્ન જુનાં જાગ્યાં
રૂપ સુંદરના ધ્યાન તણી લાગી માયા
વીરહ ધુણીમાં ધખાવશું હુવેથી કાયા
જીવડા જો જાગી જો જાગી
તારો અવસર જાય અભાગી—જીવડા૦
મહિલામાં મનથો માની રે મોક્ષપુરી મે
પાછળ તું પસ્તાશે ....
.... તારા બાપનું શું જાશે.

આ પીડા પતાવો લઇએ લગનનો લ્હાવો
ઘાણીનો બેલ ફરીને જ્યાંનો ત્યાં પાછો આવ્યો.

પતંજલિ અને શિષ્યો— ૧૧

કરી સ્થીર વૃત્તિ મનોવેગ રોકી
મીંચી નેત્રને જો તને તું વિલોકી
નથી જે જગતમાં તને ત્યાંજ મળશે.
પરમ જ્યોતિ જોતાં તિમિરત્યાંજ ટળશે.
નહીં જન્મ મૃત્યુ નહીં કલેશ વ્યાધી
નહીં લાભ હાની ન આધી ઉપાધી
નહીં નાશ ઉદ્દભવ અવિનાશ આત્મા
ચિદાનંદ રૂપમ શિવોહમ્ શિવોહમ્
કોઇનો ભય ધરતો નહીં પોતાથી ભય પામ
પરમ તત્વ છે એજ કે તારામાં લય પામ
પંચતત્વ દશ ઇન્દ્રયો બુદ્ધિ ચિત્ત વિચાર
કર એકાગ્ર સમગ્રને કર પરિબ્રહ્મ વિચાર

પ્રથમ અંક સમાપ્ત.

અંક બીજો.

પતંજલિ— ૧૨

તું ચેત મુસાફર વહી જશે છે સમય ઘડી કે બે ઘડી
એ...........મસ્તી મનમાં રહી. જશે છે સમય ઘડી કે બેઘડી

છે - આંખ છતાં કાં અંધ બને !
લઇ દીવો હાથ કાં કુવે પડે !

અભિમાન અશ્વભર ચડી ચડી........છે સમય૦

કંઇ ચેત હજી અજ્ઞાની
થઈ જશે જીવન પાણી પાણી

પળમાં જો કાળ જશે જકડી........છે સમય૦

પડતીના પડઘા પડી રહ્યા
દુઃખના ડંકા ગડગડી રહ્યા

જો વિપત વાદળી શીરે ચડી........છે સમય૦

સરીયુ—ઓંકાર અને સુખો—૧૩

હોય જો સંસારમાં કંઇએ મજા તો આજ છે.
 સ્નેહ છે ભુંડી સજા
 તો તે સજા પણ આજ છે—

દિનરાત જે વેઠી ઉપાર્ધા આ મજાહને કારણે
 ડુબ્યા કજાના ભારમાં
 તો તે કજા પણ આજ છે-

અહીંથી નહીં ખસવું ગમે એ રદયમાં વસવું ગમે
 આખર ફ્જેતીની ધ્વજા
 તો તે ધ્વજા પણ આજ છે-

ઉર્મી અને સાહેલીઓ—૧૪

ગરબો.

મહિમા જેના ગાતાં લખાયા ગ્રંથ
ધન્ય ધન્ય એ સતીઓના ચરીત્રનેરે
ઉજવળ જેથી અમરાપુરીના પંથ--ધન્ય.

ચંદ્ર સૂર્યનાં તેજથી જેનાં તેજ અપાર
એ સતીઓને પારણે ઝુલ્યા સરજનહાર
શાણી એવા ધર્મ હૃદય ધારીએરે
સુનીતી શીયળને સંભાળીએરે
પતિવૃત ખાંડાની છે ધાર એ વિચારના વિચારીએરે-

વૈકુંઠ અને ત્રીવેણી— ૧૫

ભારી બેડાંને હું નાજુકડી નાર
કેમ કરી પાણીડાં ભરાયરે ભમરીયા કુવાને કાંઠડે
ગોરી નીચી ને ઉંચા કાંઠડારે રાજ
ચડતાં કમર લચકાયરે ભમરીયા કુવાને કાંઠડે
સરકે સાલુડા નીર સીંચતારે રાજ
કોઇની નજર લાગી જાયરે......ભમરીયા૦
પાણી પાણી થઈ જતીરે એવાં પાણી ભરવાકાજ
રસીલી ના જતી
સ્રીના સુખને કારણે પુરૂષ થાય કુરબાન
તો પાણી ભરવા મહીં શું આગ્રુ નુકશાન
લોકોમા મશ્કરી થાયરે....ભમરીયા૦

અગ્નિમિત્ર— ૧૬

છે તોફાની તે છતાં ગંભીર છે સાગર સદા
હોય કાંટા કમળમાં પણુ એ મૃદુ મદભર સદા
પ્રેમમાં જેમ છે સુધા તેમ ઝેર પણુ તેવાંજ છે.
ઝેર અમૃત બે મળ્યાથી પ્રેમ છે રસભર સદા
લુખ્ખી પડે ખાલી મધુરતા કટુતા રૂચે નહીં
પણુ કંઈ મધુરતા કંઇ કટુતા બે બને સુખકર સદા

પતંજલી— ૧૭

બાંધે મનસુબા દિનરાત
અભાગી વ્યર્થ કરે ઉત્પાત

સમજે નહીં કે હરી ઇચ્છા વીણુ બને ન એકે વાત—
રમત કરી દોરી સંચાથી સંચા માનવ જાત
કામ કરે છે મન માન્યાં પણુ દોરી તેને હાથ--
ગાડા નીચે શ્વાન સંચરે સમજે મુજપર ભાર
એ અજ્ઞાન ત્યારે ટળે જ્યાં પડે પીઠપર લાત—

અંક બીજો સમાપ્ત.

અંક ત્રીજો.

અગ્નિ અને ઈશ— ૧૮

અભિમાન ધરી ફુલાતા જે ક્યાંય નહીં બંધાતા,
ભૃજ બંધનમાં બંધા માં એ છે બેડી પ્રેમની--
બાંધી અમે બંધાતા સમજી અણુસમજુ થાતાં,
બંધાય છતાં હરખાતાં એ છે બેડી પ્રેમની--
મનમાં થઇ મદમાતાં મધુકર કાષ્ટ કોરીને ખાતા,
તે કમળદળે લપટાતાં એ છે બેડી પ્રેમની—
પ્રેમ પાસ છે અટપટા જે જન છુટવા ચ્હાય
જીવન ભર છટકે નહીં ઉલટા અધીક ફસાય—

બ્રહદ્રથ— ૧૯

હોય જ્યાં અભિમાન ત્યાં સાચું નહી સમજાય છે.
હોય ખુલ્લી આંખ પણ રસ્તો નહી દેખાય છે
ગર્વ ગંજન હાર ઈશ્વિર ગર્વને ગળી જાય જ્યાં
ત્યાં ઉઘડતી આંખ પણ ત્યાં સમય વીતી જાય છે.
વહી ગયો અવસર પછી આવી સમજ શા કામની
જ્યાં ડંખ પશ્ચાતાપના દીલ દેહ કોરી ખાય છે

પતંજલી—　　　　　૨૦

હું કોણ અને આવ્યો ક્યાંથી એ ભેદ નહીં સમજે મનમાં
લપટાઈ અને મોહાંધ અતિ માયાના બંધનમાં–પડી માયાના૦
કર્મ પ્રમાણે જન્મજ ધરતો નહીં કરે પાપ એ કરાર કરતો
જીવ જન્મતા ભુલે સઘળું હું અહીંયાં તું ત્યાં–પડી માયાના૦
યૌવનમાં એ ધન જોબનમાં મુગ્ધ અને તરૂણીના તનમા
ઉંચું જોઈ ચાલે અભિમાની ઉછળે ક્યાંનો ક્યાં–પડી માયાના૦
બુઢ્ઢાપામાં કાયા કંપે તોય ઉપાધીથી નહીં જંપે
કાળ પાશમાં પડી આખરે આવે જ્યાંનો ત્યાં–પડી માયાના૦
લાખો જીવ ત્યાં હંમેશાં જાતા મૃત્યુ મુખમાં હોમાતા
તો પણ જોનારા પોતાને અમર ગણે મનમાં–પડી માયાના૦
એ ઘટમાળા આ દુનિયાની સમજે સહુ જ્ઞાની અજ્ઞાની
છતાં મોહમાં ભુલા પડે છે વિશ્વ વિષમ વનમાં–પડી માયના૦
આત્મા છે અવિનાશ સદાયે નિર્વિકાર છે એ સમજાયે
મળે શાંન્તિ ત્યાં કર્મ લય થતાં આત્મ ચિંતનમાં
　　　　　　　　　સદા પરમાત્મ ચિન્તનમાં૦

ઓંકાર-સુખો-વૈકુંઠ }
ત્રીવેણી-સરયું } ૨૧

આજ હવે ઉઘડી ગઈ આંખો સ્વાર્થ ભર્યો સંસાર
નથી કોઈ કોઇને આધારે સૌનો સરજનહાર
........એ સમજીને૦

ભાઈ હવે ભજો ભગવાન હેત કરીને
નથી ખાવો જમનો માર પેટ ભરીને
આવ્યો ઘાણીનો બેલ ફરી ફરીને
ભાઈ અલખ નામ સંસાર—આ ભેખ૦
આ ભેખ ઉતારો પ્યારા
અસરાજી સોગન મારા
હું પાયે પડું પિતાજી
જા દુર અહીંથી પાજી—આ ભેખ૦

શાન્તિ. શાન્તિ. શાન્તિ.

સમાપ્ત.